સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંક:-SJED/COC/court case/17/2022/2463/CHH-1,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૧૧/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં.૯૫૧૬/૨૦૧૮ નો તા.૧૨/૧૨/૨૦૧૮ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં:૪૫૦/૨૦૧૯, એસ.સી.એ.નં.૪૪૬૨/૨૦૧૯ નો તા.૦૮/૦૪/૨૦૧૯ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં:૧૧૯૦/૨૦૧૯ અને એસ.સી.એ.નં.૭૧૭૧/૨૦૨૦ નો તા.૦૮/૦૬/૨૦૨૦ નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦/૨૦૨૦/૩૨૩૦૬૮/છ.૧

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮/૪૯૪૩૩૦/છ.૧.

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૧૯૪૭૯૮/છ.૧

(૯) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૨૨ નો પત્ર જા.નં.અપગ/કા.નોં/વર્ગ-૨/૨૪૫

**<u>હુકમ</u>:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) અને (૮) ઉપરના વિભાગના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/મદદનીશ શિક્ષકો/પ્રિન્ટીંગ પ્રેસ ઇન્સટ્રક્ટર /

ઇન્સટ્રક્ટર / કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે વર્ગ-૨ સંવર્ગનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં સમિતીની બેઠક યોજાયેલ હતી. જે અંગે મંજૂર કરાયેલ કાર્યવાહી નોંધ નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૯) ઉપરના પત્રથી અત્રે મોકલી આપેલ છે, જે મુજબ સમિતિ દ્વારા ૦૬ (છ) કેસો માટે થયેલ ભલામણો પરત્વે નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરેલ હતી, જે સંદર્ભે નાણા વિભાગ દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની મંજૂરી આપેલ છે, જે મુજબ નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૬ (છ) કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫) માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર /રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | હરેશચંદ્ર પી. દવે, ઇન્સ્ટ્રક્ટર | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦/- | તા.૦૧/૦૧/૨૦૧૩ |
| ૨ | દિનેશચંદ્ર વી. માધુ, ઇન્સ્ટ્રક્ટર | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ -૮ | તા.૦૧/૦૭/૨૦૧૭ |
| ૩ | અતુલભાઇ કે. ઠક્કર, પ્રિન્ટીંગ પ્રેસ ઇન્સ્ટ્રક્ટર | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦/- | તા.૧૮/૦૨/૨૦૧૪ |
| ૪ | સુધાબેન વી. પટેલ, ઉદ્યોગ શિક્ષક | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦/- | તા.૦૧/૦૬/૨૦૦૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | આનંદીબેન આર. પટેલ, મદદનીશ શિક્ષક | તૃતિય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦/- | તા.૧૬/૦૨/૨૦૧૨ |
| ૬ | દેવકુમાર ડી. પંડ્યા, ઉદ્યોગ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ લેવલ -૮ | તા.૦૧/૦૮/૨૦૨૨ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવોની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૯/૧૦/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/સુરત.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- શાખા સિલેક્ટ ફાઇલ.